# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 11-05-2024 EVENING : 7.50 to 8.00
Day : SATURDAY National News

આકાશવાણી સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

**************************************************

- ✓ લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કાના પ્રચાર પડઘમ શાંત- સોમવારે સાત રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશની 49 બેઠક માટે મતદાન થશે
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તર-પૂર્વ દિલ્હી, હરિયાણામાં જાહેરસભા સંબોધી, શ્રી મોદીએ કહ્યું, આજે આપણા દુશ્મનો કંઈક કરતા પહેલા 100 વાર વિચારે છે.
- ✓ લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કા માટે વિવિધ રાજકીય પાર્ટીના સ્ટાર પ્રચારકોએ ઉત્તરપ્રદેશમાં પ્રચાર કર્યો
- ✓ જમ્મુ-કાશ્મીરમાં 26 હજાર કાશ્મીરી પંડિત મતદારોમાંથી કુલ 18 હજાર પરપ્રાંતિય મતદારો સોમવારે લોકસભા ચૂંટણી માટે મતદાન કરશે
- ✓ દિલ્હીની અદાલતે મુખ્યમંત્રી કેજરીવાલના અંગત સચિવ વિભવ કુમારની આગોતરા જામીન અરજી ફગાવી,
- ✓ અને આજે IPL ક્રિકેટમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચે બેંગ્લોરમાં મેચ ચાલી રહી છે

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ELECTION OVERALL

લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કા માટે આગામી 20 મે ના રોજ મતદાન થશે. આ તબક્કા માટેની ચૂંટણીના પ્રચાર પડઘમ આજે સાંજે શાંત થઈ ગયા છે. આ તબક્કામાં સાત રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 49 બેઠક માટે મતદાન થશે. આજે વિવિધ રાજકીય પક્ષના સ્ટાર પ્રચારકોએ વિવિધ રાજ્યોમાં જાહેરસભાને સંબોધી પ્રચાર કર્યો હતો.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હરિયાણાના અંબાલા અને સોનીપતમાં જાહેરસભા સંબોધી હતી. સોનીપતમાં સભાને સંબોધતા શ્રી મોદીએ કોંગ્રેસ અને ઈન્ડી ગઠબંધન પર પ્રહાર કરતા જણાવ્યું કે, દેશ અત્યારે વર્ષ 2036માં ભારતમાં  યોજાનારી ઓલિમ્પિક રમત અંગે યોજના બનાવી રહ્યું છે. આગામી સમયમાં હરિયાણા અને સોનીપતના યુવાનો દેશમાં સૌપ્રથમ વખત યોજાનારી ઓલિમ્પિકમાં સુવર્ણ ચંદ્રક જીતશે.

અંબાલામાં સભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, આજે દેશમાં મજબૂત સરકાર હોવાથી આપણા દુશ્મનો કંઈ પણ કરતાં પહેલાં 100 વખત વિચાર કરે છે. પ્રધાનમંત્રીએ કલમ 370 અંગે પણ વિપક્ષ પર પ્રહાર કરતાં કહ્યું, હરિયાણાના લોકોમાં અનોખી દેશભક્તિ હોય છે. તેઓ દેશ વિરોધી તત્વોને સારીરીતે ઓળખે છે.

ભાજપના વરિષ્ઠ નેતા રાજનાથ સિંહે કહ્યું કે, પ્રખ્યાત અર્થશાસ્ત્રીઓ અને નાણાકીય સંસ્થાઓએ નોંધ્યું છે કે, છેલ્લા10 વર્ષમાં મોદી સરકારની પહેલોએ 25 કરોડ લોકોને ગરીબી રેખામાંથી બહાર આવવામાં મદદ કરી છે. ઉત્તરપ્રદેશના બસ્તી

જિલ્લામાં ભાજપના ઉમેદવારના સમર્થનમાં રાજકીય સભાનેસંબોધતાં શ્રી સિંહે કહ્યું કે, ભાજપે ક્યારેય લોકોને ગેરમાર્ગે નથી દોર્યા.

તેમણે વધુમાં કહ્યું કે, આજે સમગ્ર વિશ્વમાં ભારત માટેનો દ્રષ્ટિકોણ બદલાયો છે. દરેક દેશના નેતાઓ આજે કહી રહ્યા છે કે, 21મી સદી ભારતની છે. તેમણે ઉમેર્યું કે, આ લોકસભા ચૂંટણી પછી નાગરિકો કૉંગ્રેસ અને સમાજવાદી પક્ષ જેવા રાજકીય પક્ષોને લોકો ભૂલી જશે. કેન્દ્રિય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠનેતા અમિત શાહે ઝાંસી ખાતે જાહેરસભાને સંબોધતા કહ્યું કે, ભાજપ અત્યાર સુધી લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા સુધીમાં લોકસભાની 270 બેઠક જીતી ગયું છે. અને હવે ચૂંટણીના પાંચમા તબક્કા બાદ 300 બેઠક તરફ ભાજપ આગળ વધી રહ્યું છે. શ્રીશાહે કૉંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું કે, ઈન્ડી ગઠબંધન માત્ર પોતાના પરિવાર અંગે વિચારે છે. તેમણે જણાવ્યું કે, 70 વર્ષની રાહ જોયા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અયોધ્યા શ્રીરામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરી. શ્રી શાહે કૉંગ્રેસની ટીકા કરતા કહ્યું કે, તેઓ રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાને યોગ્ય નથી ગણતા.

સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે શ્રાવસ્તી, સુલતાનપુર, અયોધ્યા, આંબેડકરનગરમાં ચૂંટણી સભાઓ સંબોધી હતી. અયોધ્યામાં જાહેરસભાને સંબોધતા શ્રી યાદવે કહ્યું , ઇન્ડી ગઠબંધનની સરકાર બનશે તોઅમે અગ્નિવીર યોજનાને હટાવી કાયમી ભરતી કરીશું.

કૉંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ ઉત્તરપ્રદેશના અમેઠીમાં રોડ શૉ યોજ્યો હતો. આ પહેલાં તેમણે રાયબરેલીમાં આવેલા ગુરૂદ્વારામાં શીશ પણ ઝૂકાવ્યું હતું. બહુજન સમાજ પાર્ટીનાં અધ્યક્ષ માયાવતી બસ્તી ખાતે જાહેરસભા સંબોધી.

# JK VOTING

જમ્મુ અને કાશ્મીરમાં નોંધાયેલા 26 હજાર કાશ્મીરી પંડિત મતદારોમાંથી કુલ 18 હજાર પર પ્રાંતિય મતદારોઓ પણ આગામી 20 મેએ મતાધિકારનો ઉપયોગ કરશે. જમ્મુ-કાશ્મીરની બારામુલ્લા-કુપવાડા લોકસભા મતવિસ્તાર સહિત લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કા માટે 6 રાજ્યો અને 2 કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 49 લોકસભા બેઠક માટે 20 મેએ મતદાન યોજાશે.

આકાશવાણી જમ્મુના સંવાદદાતા જણાવે છે કે, અહીં બારામુલ્લા-કુપવાડા લોકસભા મત વિસ્તારમાં માટે 26 હજાર જેટલા સ્થળાંતરિત મતદારો છે. આમાંથી 12 હજાર 926 પુરૂષ અને 13 હજાર 74 મહિલા મતદારોઓ છે. 18 હજાર મતદારોને જમ્મુ ક્ષેત્રમાં 20 મેએ મતદાન કરવા માટે ચૂંટણી અધિકારીઓ દ્વારા અપડેટ કરવામાં આવ્યા છે. ચૂંટણી તંત્રએ સ્થળાંતર કરીને આવેલા મતદારોઓ માટે 29 મતદાનમથક સ્થાપિત કર્યા છે. આમાંથી 24 જમ્મુમાં, ચાર દિલ્હી અને એક ઉધમપુરમાં છે.

બીજી તરફ સવારે 6 વાગ્યાથી સાંજના 6 વાગ્યા દરમિયાન મતદારોઓ માટે આવવા-લઈ જવાની સુવિધા પણ ઉપલબ્ધ કરાઈ છે. આમાંથી 2 સહાયક મતદાનમથક જાગતિ ટાઉનશીપમાં અને એક ઉધેવાલા બોહરી ખાતે રહેશે. અહીં ત્રણ સહાયક મતદાનમથક માટે મતદારોની સંખ્યા એક હજાર 500ને આંબી જશે. જ્યારે માત્ર ઉધેવાલા મતદાન મથકમાં 2 હજાર 103 મતદારો છે.

# DELHI POLICEVIBHAV ARREST

અરવિંદ કેજરીવાલના અંગત સચિવ વિભવ કુમારની આગોતરા જામીન અરજી તીસ હજારી કોર્ટે ફગાવી દીધી છે. કોર્ટે કહ્યું કે, આરોપીની પહેલાથી જ ધરપકડ થઈ ગઈ છે. એટલે આ અરજી પર સુનાવણી વ્યાજબી નથી. દિલ્હી પોલીસે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના અંગત સચિવ વિભવ કુમારને આમ આદમી પાર્ટીનાં સાંસદ સ્વાતિ માલિવાલ સાથે દુર્વ્યવહાર કરવા બદલ ધરપકડ કરી છે. તેને આજે દિલ્હીની સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશને લઈ જવામાં આવ્યા હતા.

આ પહેલા શ્રીમતી માલિવાલે વિભવ કુમાર સામે 13 મેએ મુખ્યમંત્રી કેજરીવાલના આવાસ પર તેમને હેરાન અને શોષણ કરવાની ફરિયાદ નોંધાવી હતી. તેના જવાબમાં વિભવ કુમારે પણ શ્રીમતી માલિવાલ સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં તેમણે આક્ષેપ કર્યો છે કે, ઘટનાના દિવસે માલિવાલ મુખ્યમંત્રીના આવાસમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી રહ્યાં હતાં..

# BIHAR CAMPAIGNING

ભાજપના વરિષ્ઠ નેતા અને આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ NDA ઉમેદવારોના સમર્થનમાં બિહારના બક્સર, સિવાન અને મુઝફ્ફરપુરમાં જાહેરસભાઓ સંબોધી હતી. શ્રી બિસ્વા સરમાએ આક્ષેપ કર્યો કે, કૉંગ્રેસ મતબેંકની રાજનીતિનો એજન્ડા ચલાવી રહી છે અને ધાર્મિક આધાર પર અનામતને સમર્થન આપી રહી છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએજાતિ, સંપ્રદાય અને ધર્મના ભેદભાવ વિના દેશના તમામ નાગરિકો માટે કામ કર્યું છે, તેથી તમામ લોકોને NDA સરકારની નીતિઓનો લાભ મળી રહ્યો છે.

જ્યારે ભાજપના નેતા અને કેન્દ્રિય મંત્રી પ્રહ્લાદ જોશીએ આક્ષેપ લગાવ્યો કે, કૉંગ્રેસ અને R.J.D. લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે. લોકો ચૂંટણીમાં ઈન્ડી ગઠબંધનને પાઠ ભણાવશે. જ્યારે જનતા દળ યુનાઈટેડના પ્રમુખ અને મુખ્યમંત્રી નીતિશ કુમારે મહારાજગંજ અને મુઝફ્ફરપુર સંસદીય મતવિસ્તારોમાં જાહેરસભા સંબોધી હતી. શ્રી કુમારે કહ્યું કે, આરજેડી નેતા તેજસ્વી પ્રસાદ યાદવ બિહારમાં એનડીએ સરકાર દ્વારા કરવામાં આવેલા કામોનો શ્રેય લેવાનો પ્રયાસ કરી રહ્યા છે.

તો કોંગ્રેસના વરિષ્ઠ નેતા સલમાન ખુર્શીદે પટનામાં ભાજપ સાંપ્રદાયિક રાજનીતિ રમી રહ્યું હોવાનો આક્ષેપ લગાવ્યો હતો. જ્યારે આરજેડી નેતા અને ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી પ્રસાદ યાદવે સારણ, વૈશાલી, મધુબની અને સીતામઢી સંસદીય મતવિસ્તારમાં ચૂંટણીસભાને સંબોધી હતી. શ્રી યાદવે કહ્યું કે, કેન્દ્રમાં છેલ્લા 10 વર્ષથી સત્તામાં હોવા છતાં ભાજપે બિહારની સમસ્યાઓના ઉકેલ માટે કંઈ કર્યું નથી.

# IPL CRICKET

IPL ક્રિકેટમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે બેંગ્લોરના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં મેચ રમાઈ રહી છે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર પહેલા બેટિંગ મેદાને ઉતરી છે.

ગઇકાલે રમાયેલી મેચમાં લખનઉ સુપર જાયન્ટ્સે મુંબઈ ઇન્ડિયન્સને 18 રનથી પરાજય આપ્યો હતો. આ જીત છતાં લખનઉની ટીમ પ્લે ઓફમાંથી બહાર થઈ ગઈ છે. મુંબઈ ઇન્ડિયન્સની ટીમ પહેલાથી જ બહાર થઈ ગઈ છે..

# INDIA BADMINTON

ભારતના બેડમિન્ટન ખેલાડી ચિરાગ શેટ્ટી અને સ્વસ્તિક રાજ રેન્કીરેડ્ડીની જોડીએ થાઈલેન્ડના બેન્કોકમાં ચાલી રહેલી થાઈલેન્ડ ઑપન બેડમિન્ટનની મેન્સ ડબલ્સની ફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે.

ભારતીય જોડીએ સેમિફાઈનલમાં એમસી લુ અને તાંગકાઈ વેઈની તાઈવાનની જોડીને 21-11, 21-12થી રમતમાં હરાવીને નિર્ણાયક વિજય મેળવ્યો હતો. ભારતીય ખેલાડીઓનો સામનો હવે આવતીકાલે ફાઈનલમાં તાઇવાનના લિયુ યી અને ચીનના ચેન બોયાંગ સાથે થશે.

# ODISHA CAMPAIGNING

ઓડિશામાં લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કા દરમિયાન બારગઢ, સુંદરગઢ, બલાંગીર, કંધમાલ અને અસ્કા લોકસભા બેઠક અને તેની હેઠળ આવનારી 35 વિધાનસભા બેઠકો માટે 20 મેએ મતદાન થશે. અહીં નવ હજાર 162 મતદાન કેન્દ્ર પર કર્મચારીઓને પહોંચાડવાનું શરૂ કરવામાં આવ્યું છે. સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી કરાવવા માટે પોલીસની 102 કંપની તહેનાત કરવામાં આવી છે. 200 એવા મતદાન કેન્દ્ર બનાવવામાં આવ્યા છે, જેનું સંચાલન માત્ર મહિલા મતદાન કર્મચારીઓ જ કરશે.

આ પાંચ લોકસભા બેઠક માટે કુલ 40 ઉમેદવાર છે. જ્યારે 35 વિધાનસભા મતવિસ્તારમાં 265 ઉમેદવારો મેદાનમાં છે. ઓડિશાના મુખ્યમંત્રી અને બીજુ જનતા દળના પ્રમુખ નવીન પટનાયક, ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રિય મંત્રી જુએલ ઓરાંવ અને દિલીપ રે, સંગીતાકુમાર સિંહ દેવ, પૂર્વ ભારતીય હૉકી કેપ્ટન દિલીપ ટિર્કીના ભાવિનો પણ નિર્ણય આ તબક્કામાં થશે.